ફિલ્મોની સ્વપ્નનગરીઓના કસબીઓ અને કડિયાઓ

૨૫ સપ્ટેમ્બર, ૧૯૯૯ રૂપિયા ૭-૦૦

અભિયાન



# ફિલ્મી સેટની દુનિયામાં વાસ્તુશાસ્ત્રી નીતા સિંહા સેટ થઈ ગયાં છે



અમુક નિર્માતાઓ સેટ બાબતે નીતા સિંહાનાં વાસ્તુશાસ્ત્રી સલાહસૂચન પ્રમાણે જ ચાલે છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રીને જ્યોતિષશાસ્ત્રમાં ગાઢ આસ્થા છે તે હકીકત સર્વવિદિત છે, પણ હવે આ આસ્થા એક ડગલું આગળ વધી છે. ફિલ્મોનું મુહૂર્ત, ફિલ્મનું નામકરણ, ફિલ્મ રિલીઝ કરવાનો સમય, દિવસ વગેરે બધું અત્યાર સુધી જ્યોતિષશાસ્ત્રીની આજ્ઞા મુજબ જ થતું આવ્યું છે. પણ હવે જ્યોતિષશાસ્ત્રી ઉપરાંત વાસ્તુશાસ્ત્રી પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મદદે દોડી આવ્યા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી આજકાલ એક મહિલાની સલાહ મુજબ ચાલી રહી છે. આ મહિલા છે નીતા સિંહા. દિગ્દર્શકો અને નિર્માતાઓને જ્યોતિષી-કમ-વાસ્તુશાસ્ત્રી નીતા સિંહામાં ભારે આસ્થા બેસી ગઈ છે.

ફિલ્મ સાજન ફેમ સુધાકર બોકાડે અને અગ્નિસાક્ષી ફિલ્મના પાર્થો ઘોષ વાસ્તુવિશારદ નીતા સિંહા પાસે અવારનવાર આવેછે. સુધાકર બોકાડેને એક આર્કિટેક્ટે ફસાવ્યા હતા. તેમને ઘણું મોટું આર્થિક નુકસાન પહોંચ્યું હતું. પણ તેમનું માનવું છે કે નીતાજીની સલાહને અનુસર્યા બાદ તેમને ફાયદો જ ફાયદો થવા લાગ્યો છે. અને હવે તેઓ નીતા સિંહાની સલાહ મુજબ જ ફિલ્મનો સેટ બનાવે છે. કાજોલ-અનિલ કપૂરની હમ આપકે દિલ મેં રહેતે હૈ ફિલ્મનો સેટ પણ વાસ્તુશાસ્ત્રના આધારે બનાવવામાં આવ્યો હતો.

નીતા સિંહાના ઘરે ફિલ્મ નિર્માતાઓ અને દિગ્દર્શકો જ દોડી આવે છે એવું નથી, ટીવી સિરિયલના નિર્માતાઓ અને દિગ્દર્શકો પણ સેટ બાબતે નીતાની સલાહ લે છે. નીતા ચાઈનીઝ ફેંગશૂઈ નામના વાસ્તુશાસ્ત્રના આધારે સલાહ-સૂચનો કરે છે. નીતા સિંહાનો દાવો છે કે તે ફિલ્મના નામ પરથી ફિલ્મનું ભવિષ્ય કહી દે છે. બહોત અચ્છે.

અભિનેત્રી મમતા કુલકર્ણીને વાસ્તુશાસ્ત્રી નીતા સિંહામાં બહુ આસ્થા છે. નીતા સિંહા કહે છે, "માણસનાં સારાં-ખોટાં વર્તનની નોંધ નિયતિના રજિસ્ટરમાં થતી રહે છે. દુનિયાની કોઈ પણ વ્યક્તિનું સો ટકા કામ વાસ્તુશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર કે તત્સમશાસ્ત્ર નથી કરી શકતાં. પાપનો ઘડો ભરાઈ જાય પછી ક્યારેક તે ચોક્કસ ફૂટે છે જ: પછી તમે ગમે તેટલા મોટા જ્યોતિષી પાસે જાઓ, તે બનનારી ઘટનાને ટાળી શકાતી નથી. પણ માણસમાં માણસાઈનું વજન વધુ હોય અને વાસ્તુશાસ્ત્ર કે જ્યોતિષનો સહારો લેવામાં આવે તો હકારાત્મક પરિણામ મેળવી શકાય છે.

*- લતિકા સુમન*

એબ્સ્ટ્રેક્ટ (અમૂર્ત) સેટ બનાવ્યા છે. હુસેનનાં પેઈન્ટિંગ્સને જ સેટ બનાવ્યા છે. ટુ-ડી પેઈન્ટિંગ્સને અમે થ્રી-ડી પેઈન્ટિંગ્સ બનાવીને દર્શાવ્યાં છે. હુસેનના બનારસના ઘાટનાં મોડર્ન પેઈન્ટિંગ્સ અમે સેટ તરીકે વાપર્યાં છે. સેટ નહીં પણ પેઈન્ટિંગ જ લાગે તે રીતે ઈમેજ ઊભી કરી છે. બનારસની ગલીનું એક બીજું બ્લુ-વ્હાઈટ-બ્લેક પેઈન્ટિંગ છે તેને થ્રી-ડી ઈફેક્ટ આપવાને લીધે બહુ દૂર સુધી ગલી જતી હોય તેવું લાગશે. સેટ પર ૧૧૦ ફીટનો ફ્લોર છે, પણ સેટમાં ઊંડાણનો એવો આભાસ ઊભો કરી શકાયો છે જેના કારણે તે ૫૦૦-૬૦૦ ફીટ લાંબી ગલી લાગશે."

અત્યારના હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના આર્ટ ડાયરેક્ટર્સમાં નીતિન દેસાઈ અત્યંત સફળ ગણાય છે. નિર્માતા પહેલાજ નિહલાનીની સની દેઓલ-ઐશ્વર્યા રાયને ચમકાવતી ફિલ્મ 'ઈન્ડિયન'ના એક પ્રણયગીત માટે તેમણે ફિલ્મસિટીમાં એક કરોડનો સેટ બનાવ્યો હતો. આ ફિલ્મ જોકે હવે ડબ્બામાં જતી રહી છે, પણ એ સેટ બોલીવૂડમાં લોકો આજે પણ યાદ કરે છે. નીતિન દેસાઈએ અગાઉ ચાણક્ય સિરિયલ માટે ફિલ્મસિટીમાં ઐતિહાસિક સેટ બનાવ્યા હતા. સલામ બોમ્બે ફિલ્મમાં મુંબઈના અતિવાસ્તવિક સેટ બનાવ્યા હતા. આ ઉપરાંત પરિંદા, ૧૯૪૨ અ લવસ્ટોરી વગેરે ફિલ્મોના પ્રશંસનીય સેટ બનાવ્યા હતા. સલમાન-મનીષાની 'ખામોશી ધી મ્યુઝિકલ' ફિલ્મ માટે તેમણે ગોવાનું નાના પાટેકરનું ઘર અને ગોવાની દીવાદાંડીના સેટ એટલા સુંદર બનાવ્યા હતા કે સ્ક્રીન એવોર્ડ પણ મેળવ્યો. ૧૯૪૨ અ લવ સ્ટોરી માટે ફિલ્મસિટીમાં જ તેમણે હિલસ્ટેશનનો સેટ બનાવ્યો હતો. વિનસની જોશ ફિલ્મ માટે ૧ કરોડનો ગોવાનો સેટ બનાવવાના અનુભવ વિશે નીતિન દેસાઈ કહે છે, "નિર્માતાએ જો ગોવા જઈને શૂટિંગ કર્યું હોત તો તમામ પ્રોડક્શન ખર્ચ, વિમાનભાડું, ફૂડ-બિલ, મોટા સ્ટાર્સના હોટેલના ખર્ચ વગેરે થઈને ૨ કરોડ ખર્ચાઈ જાત. અને એ ઉપરાંત ત્યાં શૂટિંગના સમય, લાઈટની સમસ્યા વગેરે તકલીફ થાત એ અલગ. પણ અમે ગોવાનો પણજી ટાઉનનો એટલો સુંદર સેટ બનાવ્યો છે કે ગોવા છે તેથી વધુ સુંદર લાગે છે. ગોવામાં ઝડપથી લુપ્ત થઈ રહેલી પોર્ટુગીઝ સંસ્કૃતિને અમે અહીં કલાત્મક રીતે રજૂ કરી છે."

સંજય લીલા ભણસાળીની સલમાન-અજય-ઐશ્વર્યાની ફિલ્મ હમ દિલ દે ચૂકે સનમ માટે હવેલીની જરૂર હતી. સંજય ભણસાળી અને નીતિન દેસાઈ આ માટે કચ્છ-ગુજરાતમાં ફર્યા હતા. પરંતુ તેમણે જે જગ્યાઓ જોઈ ત્યાં બે-ચાર એંગલથી જ શૂટિંગ થઈ શકે તેમ હતું. જ્યારે અહીં તો શરૂઆતની અડધી ફિલ્મનું હવેલીમાં જ શૂટિંગ કરવાની યોજના હતી. અંતે નીતિન દેસાઈએ ફિલ્મસિટીમાં જ હવેલીનો સેટ બનાવી દીધો. ફિલ્મમાં ઉતરાયણ વખતે પતંગ ચગાવવા માટે એકસાથે ઘણી અગાશીઓનો સેટ નીતિન દેસાઈએ ખૂબ સુંદર રીતે બનાવ્યો હતો.

ફિલ્મસિટીમાં અનેક આર્ટ ડાયરેક્ટરો અનેક નવી સૃષ્ટિઓ ઊભી કરી ચૂક્યા છે. વિશ્વાત્મા ફિલ્મ માટે અહીં આફ્રિકાનો સેટ બન્યો હતો. તો ધી બર્નિંગ ટ્રેન માટે ટ્રેનનો સેટ. કાલા પથ્થર ફિલ્મ માટે અહીં ખાણ બની હતી તો ગુલ ગુલશન ગુલફામ સિરિયલ માટે કાશ્મીર પણ અહીં જ બન્યું હતું. મહાભારત, તમસ જેવી મોટા ગજાની સિરિયલોના સેટ અહીં બન્યા છે. અભિનેતા સંજય ખાને તેની સિરિયલ ધી સ્વોર્ડ ઓફ ટીપુ સુલતાનનું શૂટિંગ પણ અહીં કર્યું હતું. આ સેટ પર જોકે આગ લાગવાની દુર્ઘટના થઈ તેમાં સંજય ખાન પોતે પણ ગંભીર રીતે દાઝ્યો હતો.

મુંબઈમાં લગભગ ૪૦૦ જેટલા આર્ટ ડાયરેક્ટર્સ છે. આજકાલ ટીવી સિરિયલોમાં પણ તેમને ઘણું કામ મળી રહે છે. ફીચર ફિલ્મો માટે જોકે હવે સેટ ઘણા ઓછા બને છે. પહેલાંની સરખામણીએ આઉટડોર શૂટિંગ હવે વધુ સરળ હોવાથી ૮૦ ટકા ફિલ્મોનું આઉટડોર શૂટિંગ થાય છે. આઉટડોર શૂટિંગમાં લાઈટિંગ, સ્કાયલાઈન, બેકગ્રાઉન્ડ સરસ મળી શકે છે. સારામાં સારા પેલેસ, હોટેલ, બંગલા ભાડે મળી રહે છે તેથી ઈનડોર સેટ કરતાં આઉટડોર મોંઘા હોવા છતાં આઉટડોર શૂટિંગ વધુ થાય છે. છતાં, મુગલ-એ-આઝમના શીશમહલથી અને શોલેના રામગઢના સેટથી આગળ વધતી રહેલી સેટ ડિઝાઈનિંગની આ કલા હવે 'મસ્ત'માં સરરિયલરૂપે દેખાશે અને 'ગજગામિની'માં એબ્સ્ટ્રેક્ટરૂપે. ■